૧૬ જાન્યુઆરી ૨૦૧૫

શુક્રવાર.

## ૧) હરીશંકર બ્રહ્મા :

- ચૂંટણીપંચનાનવા મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે નિમણૂંક(૧૯માં)
- અગાઉ ચૂંટણી કમિશનર વી.એસ.સંપતનો કાર્યકાળ ૧૫ જાન્યુઆરીએ પુરો થતાં એચ.એસ.બ્રહ્માની નિમણૂંકકરાઇ.
- ચૂંટણીકમિશનરની વય મર્યાદા ૬૫ વર્ષ હોય છે.
- બ્રહ્માની વય ૧૯ એપ્રિલે ૨૦૧૫ ના ૬૫ વર્ષ થતી હોવાથી તેઓ આ હોદ્દે લગભગ ત્રણ મહિના સુધી જ રહી શકશે.
- તેઓ ૨૫ ઓગસ્ટ ૨૦૧૦ના રોજ ચૂંટણીકમિશનર બન્યા હતાં.
- એચ.એસ.બ્રહ્મા આંધ્રપ્રદેશ કેડરના ૧૯૭૫ બેચના IAS અધિકારી છે.

## ૨) ૧૫ જાન્યુઆરી :

- થલસેના દિન (આર્મી ડે )
- આ વખતે ભારતીય સેનાનો ૬૭મો સ્થાપના દિન હતો.

## 3) ૧૬-3૧ જાન્યુઆરી :

- ભારત સરકારના સહયોગથી પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલય દ્વારા તેલ અને ગેસ સંરક્ષણ પખવાડીયું ઉજાવાય રહ્યું છે.
- વિષય : "ઇંધન બચાઓ, જન ધન બઢાઓ"
- પેટ્રોલિયમ અને કુદરતી ગેસના રાજ્યમંત્રી ( સ્વતંત્ર હવાલો ) : ધર્મે પ્રધાન

## ૪) ટીમ ઇન્ડીયાનો નવો ડ્રેસ લોન્ચ થયો. : ક્રિકેટ

- વર્ષ ૨૦૧૫ માં યોજાનાર ક્રિકેટવર્લ્ડકપ માટે ટીમ ઇન્ડીયાનો નવો ડ્રેસ લોન્ચ થયો.
- આ નવો ડ્રેસ પ્લાસ્ટિકની 33 બોટલને રિસાઇકલ કરીને બનાવવામાં આવ્યો છે.
- તેમાં ડ્રાઇફિટ ટેકનિકનો ઉપયોગ કરવામાં આવ્યો છે એનાથી ખેલાડીઓના શરીરના તાપમાનને કંટ્રોલ કરવામાં મદદ મળશે.

## ૫) ડાંગ : ભારતનું અલ્પ પરિચિત સ્વર્ગ –પુસ્તક

- લેખક : ડૉ.એસ.કે.નંદા ગુજરાતના વરિષ્ઠ સનદી અધિકારી અને જીએસએફસીના સીએમડી.
- મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે લોકાર્પણ કરાયું.
- ગુજરાતના ડાંગ વિસ્તારના સૌંદર્ય અને એના પ્રવાસન તત્વને આ પુસ્તકમાં રજુ કરાયું છે.
- તેમજ ડાંગની ભૌગોલિક વિગતો,સાંસ્કૃતિક અને સામાજિક પરંપરાનું રસપ્રદ વર્ણન કરયું છે.

## ૬) SWAGAT ( સ્વાગત ) :

- State wide Ahention on grivences by Appricatian of technology.
- માનનીય મુખ્યમંત્રી દ્વારા લોકોની ફરીયાદ ઓનલાઇન મેળવવા માટે રાજ્યકક્ષાનો ‘સ્વાગત’ ઓનલાઇન જન ફરીયાદ કાર્યક્રમ.
- આ કાર્યક્રમ દર મહિનાના ચોથા ગુરૂવારે યોજાય છે.
- આ વખતે પ્રવાસી ભારતીય દિવસ અને વાઇબ્રન્ટ સમિટની તૈયારીઓમાં વ્યસ્તતાને કારણે ડિસેમ્બરમાં કાર્યક્રમ યોજાયો ન હતો તેથી હવે ૨૧ મી જાન્યુઆરી ને બુધવારેના રોજ યોજાશે.

## ૭) દેશની પહેલી એમ.બી.એ. થયેલી મહિલા સરપંચ :

- નામ : છવી રાજાવત.
- રાજસ્થાનના ટોંક જિલ્લાના સોડા ગામના સરપંચ
- સરકાર આ સરપંચનું સન્માન પણ કરી ચૂકીછે.

## ૮) મિઝોરમમાં દારૂ પરનો બાન ઉઠાવાયો :

- પૂર્વોતરરાજ્ય મિઝોરમમાં દારૂ પરનો ૧૮ વર્ષનો બાન ઉઠાવાયો.
- વિધનસભામાં ૨/૩ બહુમતિથી આ પ્રતિબંધ હટાવી દિધો.

## ૯) અમિતાભ બચ્ચન :

- તાજેતરમાં તેમને સોશિયલ મીડીયા પર્સન ઓફ ધ યર એવોર્ડ ઇન્ટરનેટ એન્ડ મોબાઇલ એશોસિયેશન ઓફ ઇન્ડિયા તરફથી અપાયો.

## ૧૦) બાબા રામદેવ હરીયાણાના બ્રાન્ડ એમ્બેસેડર :

- હરિયાણામાં ભાજપની સરકાર યોગ તેમજ આયુર્વેદને વધુને વધુ પ્રોત્સાહન આપવા ખ્યાતનામ યોગગુરુ બાબા રામદેવને હરિયાણાના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા.